# મારા એમ્પ્લોયરે કામ પર પીવાનું પાણી પૂરું પાડવું જરૂરી છે? (Does my employer have to provide drinking water at work?)

આ જરૂરિયાતને વર્કપ્લેસ હેલ્થ, સેફ્ટી એન્ડ વેલફેર રેગ્યુલેશન્સ 1992 આવરી લે છે.

પીવાના પાણીના સંબંધમાં રેગ્યુલેશન 22 એમ્પ્લોયરો ઉપર જરૂરિયાતો મૂકે છે.

તે જણાવે છે કેઃ

1. કામના સ્થળે બધાં જ લોકો માટે પૂરતા પ્રમાણમાં પીવાના સ્વચ્છ પાણીનો પૂરવઠો પૂરો પાડવામાં આવવો જોઈએ.
2. ફકરા (1) હેઠળ જરૂરી પીવાના પાણીનો દરેક પુરવઠો -
   (a) યોગ્ય જગ્યાઓએથી તરત જ સહેલાઈથી મળી શકે તેવી રીતે મૂકેલો હોવો જોઈએ; અને
   (b) જ્યાં આરોગ્ય અને સુરક્ષાનાં કારણોસર જરૂરી હોય ત્યાં યોગ્ય રીતે તરત જ નજરે પડી શકે તેવી રીતે નિશાની કરાયેલો હોવો જોઈએ.
3. જ્યાં ફકરા (1) હેઠળ પીવાના પાણીના પુરવઠાની જરૂર હોય ત્યાં, પૂરતી સંખ્યામાં પીવાના યોગ્ય પ્યાલા અથવા બીજાં કોઈ વાસણો પણ પૂરાં પાડવામાં આવવાં જોઈએ, સિવાય કે પીવાના પાણીનો પુરવઠો પાણીના ફુવારામાં રાખેલો હોય જેમાંથી લોકો આસાનીથી પાણી પી શકતાં હોય.

અપ્રુવ્ડ કોડ ઓફ પ્રેક્ટિસ (માન્ય આચાર સંહિતા) કહે છે કેઃ
પીવાનું પાણી સામાન્ય રીતે જાહેર કે ખાનગી વોટર સપ્લાયમાંથી સીધી જ વોટર મેઈનમાં જોડેલી પાઈપ ઉપર મૂકેલા નળ મારફતે મેળવવામાં આવવું જોઈએ. અથવા પીવાનું પાણી, યુ.કે. વોટર બાય-લોઝ (પાણીને લગતા યુ.કે.ના પેટા-કાયદા)ની શરતોનું પાલન કરતું હોય તેવા સ્ટોરેજ સિસ્ટર્ન સાથે સીધા જ જોડેલા પાઈપ ઉપર લગાવેલા નળમાંથી મેળવી શકાય છે. ખાસ કરીને પુરવઠા તરીકે વાપરવામાં આવતા કોઈ પણ સિસ્ટર્ન, ટેન્ક કે વાસણ સારી રીતે ઢાંકેલું, સ્વચ્છ રખાયેલું અને જરૂર મુજબ ચકાસણી કરીને જંતુરહિત કરાયેલું હોવું જોઈએ. પાણી જ્યાં સીધું જ મેઈન્સ સપ્લાયમાંથી મેળવી શકાય તેમ ન હોય ત્યાં તે ફરીથી ભરી શકાય તેવાં કન્ટેઈનરોમાં જ પૂરું પાડવામાં આવું જોઈએ. આવાં કન્ટેઈનરો પ્રદૂષણ ન લાગે તે માટે યોગ્ય રીતે ઢાંકેલાં હોવાં જોઈએ અને તેમને ઓછામાં ઓછું દરરોજે ફરીથી ભરવાં જોઈએ.

જ્યાં પ્રદૂષણ થવાની સંભાવના હોય ત્યાં પીવાના પાણીના નળ મૂકવા ન જોઈએ, દાખલા તરીકે જ્યાં સીસા(લેડ)ની સાથે કામ કરવામાં આવતું હોય કે તેની પર પ્રક્રિયાઓ થતી હોય તેવી વર્કશોપમાં. જ્યાં સુધી વાજબી રીતે વ્યવહારુ હોય ત્યાં સુધી તે કોઈ સેનિટરી સ્થાન (ટોઈલેટ વગેરે)માં પણ મૂકવામાં ન આવવા જોઈએ.

પીવાના પાણીના પ્યાલા કે ગ્લાસ પૂરાં પાડવામાં આવવા જોઈએ, સિવાય કે પીવાનું પાણી સીધા જ પીવાના પાણીના ફૂવારામાંથી મેળવવાનું હોય. વાપરીને ફેંકી ન શકાય તેવા પ્યાલાના કિસ્સામાં, તે ધોવા માટેની સગવડ નજીકમાં પૂરી પાડવામાં આવવી જોઈએ.

જો લોકો પીવાનું ન હોય તેવા પાણીનો ઉપયોગ પીવા માટે કરી શકે તેમ હોય ત્યાં, પીવાના પાણીના પુરવઠા ઉપર એવી રીતે નિશાનીઓ લગાવવામાં આવવી જોઈએ. જો પીવાનું ન હોય તેવા ઠંડા પાણીના પુરવઠા ઉપર તે માટેની નિશાની સ્પષ્ટ રીતે લગાવેલી હોય તો પીવાના પાણી માટેની નિશાની લગાવવાની જરૂરી નથી.

માર્ગદર્શિકા જણાવે છે કેઃ

પાણીનો જે પુરવઠો આખેઆખો પ્રદૂષિત થવાની સંભાવના હોય, જેમ કે ફક્ત પ્રક્રિયા કરવાના હેતુસર આપવામાં આવતો પુરવઠો, તો તેની પર સ્પષ્ટ રીતે યોગ્ય નિશાની લગાવવામાં આવવી જોઈએ. બોટલમાં ભરેલું પાણી/પાણી ભરેલી બોટલોમાંથી લેવાના પાણીની સિસ્ટમો પણ પીવાના પાણીના પૂરક પુરવઠા તરીકે મૂકી શકાય છે.

## સંદર્ભો (રેફરન્સો)


L24, Workplace Health, Safety and Welfare, ACOP and guidance, (ISBN 0717604136 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)